પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

# "કરફ્યુ હુકમ"

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/૧૭૯/ ૨૦૨૧. તા. ૨૪/૧૨/૨૦૨૧

## સુધારા હુકમ નં-૦૧

વંચાણે લીધા:-

૧. ગુજરાત સરકાર ગૃહવિભાગના પત્ર ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ તા.૨૪/૧૨/૨૦૨૧ તથા,
૨. અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક નંબર-વિશા/ જાહેરનામું/ એ-સેક્શન/ ૧૭૯/૨૦૨૧.તા.૨૦/૧૨/૨૦૨૧ આધારે.

રાજયમાં COVID-19 ના સંક્રમણની બાબતને ધ્યાને લેતાં ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૩૦.૧૧.૨૦૨૧ ના હુકમ ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨-A તથા હુકમ ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨-B થી રાજયના ૮ શહેરોમાં રાત્રિ કર્ફયુ તથા કેટલાક નિયંત્રણો મુકવામાં આવેલ ત્યારબાદ ગુજરાત સરકાર ગૃહવિભાગના પત્ર ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨-A તા.૨૦/૧૨/૨૦૨૧ના આદેશથી COVID-19 ના સંક્રમણની બાબતે પુનઃ સમિક્ષા કરી રાત્રિ કર્ફયુ તથા કેટલાક નિયંત્રણો તા. ૩૧/૧૨/૨૦૨૧ સુધી લંબાવવા હુકમ કરેલ છે. જે હુકમ અન્વયે અમદાવાદ શહેરમાં તા.૨૧/૧૨/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી રાત્રી કરફયુ તથા કેટલાક નિયંત્રણો અમલમાં મુકવા માટે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નંબર-વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/ ૧૭૯/૨૦૨૧ તા.૨૦/૧૨/૨૦૨૧ થી જાહેરનામું બહાર પાડવામાં આવેલ.

ગુજરાત સરકાર ગૃહ વિભાગના સંદર્ભ-૧ માં દર્શાવેલ પત્રથી રાજયમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિની પુનઃ સમિક્ષા કરી આઠ શહેરોમાં મુકવામાં આવેલ રાત્રી કર્ફ્યુ તેમજ અન્ય નિયંત્રણોના સમયમાં ફેરફાર કરી રાત્રી કર્ફ્યુ રાત્રીના ક. ૧૧/૦૦ થી સવારના કલાક ૫/૦૦ સુધી તેમજ તમામ દુકાનો, રેસ્ટોરન્ટસ, વાણિજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પલેક્ષ, માર્કેટીંગ યાર્ડ, અઠવાડીક ગુજરી /બજાર/હાટ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિઓ રાત્રીના કલાક ૧૧/૦૦ સુધી ચાલુ રાખી શકાશે તે રીતે હુકમ કરવામાં આવેલ છે.

આથી, હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, સંદર્ભ-૨માં દર્શાવેલ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/૧૭૯/૨૦૨૧ તા.૨૦/૧૨/૨૦૨૧ થી બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં નીચે મુજબનો ફેરફાર થવા હુકમ કરુ છું;

(૧) તા.૨૫/૧૨/૨૦૨૧ થી તા.૦૧/૦૧/૨૦૨૨ સુધી અમદાવાદ શહેરમાં રાત્રિના કલાક ૧૧/૦૦ થી સવારના કલાક ૦૫/૦૦ સુધી દરરોજ રાત્રિ કર્ફ્યુ અમલમાં રહેશે.

(૨) "અમદાવાદ શહેરમાં પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તમામ દુકાનો, રેસ્ટોરન્ટસ, વાણિજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પલેક્ષ, માર્કેટીંગ યાર્ડ, અઠવાડીક ગુજરી /બજાર/હાટ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર

તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિઓ હાલ રાત્રિના ૧૨:૦૦ કલાક સુધી ખુલ્લા રાખી શકાય છે જેમાં ફેરફાર કરતા તા.૨૫/૧૨/૨૦૨૧ થી ઉક્ત ગતિવિધિઓ રાત્રિના ૧૧/૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.

નોંધ:- જાહેરનામાની અન્ય જોગવાઇઓ તથા નિયંત્રણો અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નંબર-વિ.શા/જાહેરનામું/ એ-સેકશન/૧૭૯/૨૦૨૧ તા.૨૦/૧૨/૨૦૨૧ માં જણાવ્યા મુજબના યથાવત રાખવામાં આવે છે.

## -:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

## -:શિક્ષા:-

આ હુકમના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ ૧૮૮ તથા **THE DISASTER MANAGAMENT ACT- 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ હેઠળ સજાને પાત્ર થશે.

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે THE EPIDEMIC DISEASES ACT-1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ ૧૮૮ તથા **THE DISASTER MANAGAMENT ACT- 2005** ની જોગવાઇઓ હેઠળ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૪/૧૨/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, ભદ્ર,અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.સબ.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિ.શ્રીની કચેરી (**C.P. Ahmedabad website** ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ **Social Media** પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)